સમય મર્યાદા/અતિઅગત્યનું
BCC+ Test

ક્રમાંક : GCVT/પરીક્ષા/BCC+/૨૦૧૩/૧૦૯૧૮
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
બ્લોક નંબર :૧, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર- ૩૮૨ ૦૧૦
તારીખ : ૭ /૧૦/૨૦૧૩

**વિષય:- સરકારી/ગ્રાન્ટઇનએડ/કે.વી.કે કેન્દ્રો/સંસ્થામાં BCC+ ની પરીક્ષા યોજવા બાબતે.**

**સંદર્ભ :-** (1) ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.EMP/10/2012/345561/R2 તા.13/6/2012
(2) વડી કચેરી ગાંધીનગરના તા. 13/6/2012 ના પત્રકમાં સીટીએસ/eMPOWER/2012/6424
(3) માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નીંગ બોડી,જી.સી.વી.ટી.ની સીંગલ ફાઇલ પર મળેલ ફેસીમલ સહી ની મંજુરી
(4) જીસીવીટી નો પત્રક્રમાંક :GCVT/પરીક્ષા/BCC/૨૦૧૨/૧૦૯૯૫, તા.૧૧/૦૭/૨૦૧૨
(5) એમ્પાવર શાખાનો પત્રક્રમાંક:રોતાક/eMPOWER/૨૦૧૩/૭૭, તા.૧૦/૦૭/૨૦૧૩
(6) એમ્પાવર શાખાનો પત્રક્રમાંક:રોતાક/eMPOWER/૨૦૧૩/૪૫૮૧, તા.૧૨/૦૯/૨૦૧૩

## પરીપત્ર :-

આયુક્તશ્રી, રોજગાર અને તાલીમની કચેરી હેઠળની વિવિધ તાલીમ સંસ્થાઓમાં ચાલતી અલગ-અલગ યોજનાઓ પૈકી કેટલીક પરીક્ષાઓ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર દ્વારા લેવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગનાં ઠરાવ નં.EMP/10/2012/345561/R-2 તા.13/6/2012 તથા વડી કચેરી ગાંધીનગરનાં તા. 13/6/2012 ના પત્રક્રમાંક સીટીએસ/eMPOWER/2012/6424 થી આયુક્તશ્રી, રોજગાર અને તાલીમની કચેરીનાં નિયંત્રણ હેઠળ કાર્યરત સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ, ગ્રાન્ટ ઇન એઇડ ઔ.તા.કેન્દ્રો/કૌશલ્ય વર્ધન કેન્દ્રો/રોજગાર કચેરીનાં કોમ્પ્યુટર અને ઇન્ફ્રાસ્ટ્રકચરનો જરૂરી ઉપયોગ કરી ઇન્ફોર્મેશન ટેક્નોલોજીમાં યુવાનોને તાલીમબદ્ધ કરવા eMPOWER અંતર્ગત એક વ્યાપક અભિયાન શરુ કરવામાં આવેલ. **"એમ્પાવર" ( eMPOWER) એટલે કે ઇલેક્ટ્રોનીકસ મેનપાવર અંતર્ગત અગાઉનો BCCનો કોર્ષ જે ૪૦ કલાકનો હતો તે ચલાવવામાં આવતો હતો, તે હવેથી બંધ કરેલ છે. અને તેને બદલે અપગ્રેડ થયેલ BCC+ કોર્ષ જે ૬૦ કલાકનો છે તેની તાલીમ આપવાનું શરૂ કરેલ છે. જે તાલીમાર્થીઓએ અગાઉ BCCની ૪૦ કલાકની તાલીમ લીધેલ હોય, તેવા તાલીમાર્થીઓ જો BCC+નો કોર્ષ કરવા માંગે તો તેવા તાલીમાર્થીઓને ફક્ત ૨૦ કલાકની તાલીમ લેવાની રહેશે અને તેમને અલગથી ૨૦ કલાકનાં મોડ્યુલ માટે સર્ટીફીકેટ ન આપતા પુરા ૬૦ કલાકનાં BCC+ મોડ્યુલનું સર્ટીફીકેટ આપવાનું રહેશે. અને નવા પ્રવેશ મેળવતા તાલીમાર્થીઓને BCC+ નાં ૬૦ કલાકનાં કોર્ષમાં એડમીશન આપવાનું રહેશે.** સંસ્થા/કેન્દ્રો દ્વારા BCC+ની તાલીમ આપ્યા બાદ GCVT દ્વારા ONLINE પરીક્ષા લેવાનું નક્કી કરેલ છે. તથા સર્ટીફીકેટ ની ફેસીમલ સહી બાબતે અધ્યક્ષશ્રી, ગવર્નીંગ બોડી, જી.સી.વી.ટી. ની મંજૂરી અન્વયે સર્ટીફીકેટ માં મેમ્બર સેક્રેટરી જીસીવીટીની સહી ની જગ્યાએ સામેલ પત્રક–અ મુજબ રાજ્યની ઔધોગીક તાલીમ સંસ્થાનાં વર્ગ-૧ ને સત્તા સુપરત કરેલ છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ જ તાલીમાર્થીને GCVT સર્ટીફીકેટ મળવાપાત્ર થશે. વહીવટી સુવિધા તેમજ પરીક્ષા તંત્રમાં એકસુત્રતા લાવવા માટે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

1) eMPOWER યોજના હેઠળ હવેથી BCC+ની પરીક્ષા લેવાની રહેશે. GCVT દ્વારા આપવામાં આવેલ ઓનલાઇન સોફ્ટવેર દ્વારા તાલીમ પૂર્ણ થયે સંસ્થા/કેન્દ્રો ખાતે આ પરીક્ષા માટે સંસ્થા/કેન્દ્રનાં વડા/કોઓર્ડીનેટરનાં ચેરમેન પદે તાલીમ પૂર્ણ થયે તરત જ પરીક્ષા લેવા ની રહેશે. જેનો પ્રોગ્રામ GCVTની વેબસાઇટ www.gcvt.org પર મુકવામાં આવેલ છે. તે ડાઉનલોડ કરી પરીક્ષા યોજવાની રહેશે.

2) BCC+ નું પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.આ પરીક્ષા થીયરી/પ્રેકટીકલ MCQ(મલ્ટીપલ ચોઇસ ક્વેશ્ચન) પધ્ધતી પ્રમાણે ઓનલાઇન લેવી. કુલ 100 ગુણની પરીક્ષા રહેશે તથા પાસીંગ ગુણ 40 રહેશે. એક કલાકનાં સમયગાળામાં 50 પ્રશ્નો થીયરી/પ્રેકટીકલ ના રહેશે..

3) પરીક્ષા પૂર્ણ થયે પરીક્ષાર્થીઓનો પરીણામ ડેટા અત્રેની GCVT ખાતે email address gcvtempower@gmail.com માં મોકલવો.

4) સંસ્થા/કેન્દ્રો દ્વારા મળેલ ડેટા મુજબ જીસીવીટી સર્ટીફીકેટ પ્રિન્ટીગ માટે સર્ટીફીકેટ ઈસ્યુની ઓથોરીટી (પત્રક A મુજબ) આચાર્ય વર્ગ-૧ની સંસ્થાને સર્ટીફીકેટ પ્રિન્ટીગ માટે *.PDF ફાઇલ મોકલશે. અને આચાર્ય વર્ગ-૧ની સંસ્થાએ GCVT દ્વારા RDDને મોકલાવેલ નમ્બર મુજબનાં પ્રિ-પ્રિન્ટેડ સર્ટીફીકેટમાં આપેલ પ્રિન્ટ ફાઇલ પ્રમાણે તાલીમાર્થીઓનાં સર્ટીફીકેટ પ્રિન્ટ કરી ફેસીમલ સહી કર્યા બાદ સંસ્થા/કેન્દ્રો ખાતે કોર્ડીનેટર/સેન્ટર હેડને સર્ટીફીકેટ ઇસ્યુ રજીસ્ટરમાં નોંધીને આપવાના રહેશે અને દર માસે તેની માહીતી GCVT ને નીચે મુજબ મોકલવાની રહેશે.

વર્ગ-૧ ની સંસ્થા સર્ટીફીકેટ ઈસ્યુની વિગતો દર્શાવતું RDDને મોકલવાનું પત્રક:

| ક્રમ | સંસ્થા/કેન્દ્રનું નામ | કોર્ષનું નામ | સર્ટીફીકેટ વિગતો પ્રોગ્રેસીવ | |
|---|---|---|---|---|
| | | | પ્રિન્ટ કરેલ સર્ટીફીકેટ | ઈસ્યુ કરેલ સર્ટીફીકેટ |
| | | | | |

RDDએ GCVT ને સર્ટીફીકેટ ની વિગતો મોકલવાનું પત્રક

| ક્રમ | વર્ગ-૧ની સંસ્થાનું નામ | કોર્ષનું નામ | પ્રિન્ટ કરેલ સર્ટીફીકેટ | ઈસ્યુ કરેલ સર્ટીફીકેટ |
|---|---|---|---|---|
| | | | | |

5) પરીક્ષા બાદ ઉમેદવારને આપવા માટેનું સર્ટીફીકેટ સંસ્થા/કેન્દ્રોએ સર્ટીફીકેટ ઈસ્યુની ઓથોરીટી (પત્રક A મુજબ) આચાર્ય વર્ગ-૧ની સંસ્થા પાસેથી સર્ટીફીકેટ મેળવવા અને તેમની કક્ષાએ રજીસ્ટર માં નોંધી ને તાલીમાર્થીને આપવાના રહેશે.

નાયબ નિયામક(તાલીમ)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થા/કેન્દ્રો તરફ.........

**નકલ સવિનય રવાના-**

1) RDD અમદાવાદ, RDD વડોદરા, RDD સુરત, RDD રાજકોટ, આપના તાબાની તમામ સંસ્થા/કેન્દ્ર ખાતે પરીક્ષા સુચારુ રીતે યોજાય તે મુજબનુ આયોજન કરવા સારૂ.તથા પત્રક મુજબની સર્ટીફીકેટની માહીતી જીસીવીટીને દર માસના અંતે મોકલવી.
2) શાખા અધિકારી, eMPOWER સર્ટિફિકેટ પ્રિન્ટીંગ તથા ઓનલાઇન પ્રોગ્રામમાં BCC+ કરવા સારૂ તથા તમામ eMPOWER સેન્ટરોને પરીક્ષાની જાણ કરવા સારૂ.
3) Computer Cell GCVT, પરીપત્ર તથા સોફ્ટવેર વેબસાઇટ પર મુકવા સારૂ.